કે.ડી. NEWS

તારીખ : 21/05/2026

# સાવરકુંડલામાં 'નાવલી પ્રીમિયર લીગ - સીઝન ૨' નો ભવ્ય પ્રારંભ: મહિલાઓની ક્રિકેટ મેચ બની આકર્ષણનું કેન્દ્ર



## સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ઈતિહાસમાં ૫૦થી વધુ ટીમોનો મહાસંગ્રામ પ્રથમ દિવસે જ બહેનોની ક્રિકેટ મેચે અનોખી પહેલ સાથે જમાવ્યું ભારે આકર્ષણ

સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારના લોકપ્રિય અને ઉત્સાહી ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ ગત રોજથી સાવરકુંડલા શહેરના મહુવા રોડ પર આવેલા સ્પોર્ટ્સ સંકુલની બાજુના નવા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે 'નાવલી પ્રીમિયર લીગ - સીઝન ૨' નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો અત્યંત ભવ્ય અને રંગારંગ પ્રારંભ કરવામાં આવ્યો છે. ભારતીય જનતા પાર્ટી (સાવરકુંડલા-લીલીયા પરિવાર) દ્વારા આયોજિત આ ક્રિકેટના મહાસંગ્રામને લઈને સમગ્ર પંથકના રમતવીરો અને રમતપ્રેમીઓમાં ભારે ઉત્સાહ અને રોમાંચ જોવા મળી રહ્યો છે.આ ટુર્નામેન્ટના ઉદ્ઘાટન પ્રસંગે એક અદભુત અને પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી હતી. આ ભવ્ય નાઈટ ટુર્નામેન્ટની સૌથી પહેલી ઓપનિંગ મેચ બહેનો (મહિલાઓ) ની ટીમો વચ્ચે રમાડવામાં આવી હતી. મેદાન પર મહિલા ખેલાડીઓએ જે રીતે બેટ અને બોલથી કમાલ બતાવી, તેણે ઉપસ્થિત તમામ દર્શકોના દિલ જીતી લીધા હતા. આ અનોખી પહેલને સ્થાનીય લોકો અને રમતજગતે ખુલ્લા મને બિરદાવી છે.આ ટુર્નામેન્ટ અંગે માહિતી આપતા જાણવા મળ્યું છે કે આ વખતે સીઝન-૨ માં સાવરકુંડલા-લીલીયા વિધાનસભા ક્ષેત્રની ૫૦થી વધુ નામાંકિત ક્રિકેટ ટીમો ભાગ લઈ રહી છે. સાંજે ૭:૦૦ વાગ્યાથી શરૂ થતી આ લાઈટ-ઝગમગાટ વચ્ચેની નાઈટ ટુર્નામેન્ટમાં યુવા ખેલાડીઓ પોતાનું કૌશલ્ય બતાવવા મેદાનમાં ઉતર્યા છે.સ્થાનિક યુવા રમતવીરો, સ્પોર્ટ્સ ક્લબો અને ક્રિકેટપ્રેમીઓએ આટલા મોટા પાયે ક્રિકેટ ટુર્નામેન્ટનું સફળ અને આધુનિક આયોજન કરવા બદલ તેમજ સ્થાનિક યુવા પ્રતિભાઓને પ્રોત્સાહન પૂરું પાડવા બદલ ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ભાજપના સ્થાનિક હોદ્દેદારો, અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ક્રિકેટ પ્રેમી જનમેદની ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

## રમતવીરો અને ક્રિકેટપ્રેમીઓએ ભવ્ય નાઈટ ટુર્નામેન્ટના આયોજન બદલ લોકપ્રિય ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાનો માન્યો હૃદયપૂર્વક આભાર

કે.ડી. NEWS

તારીખ : 21/05/2026

# સાવરકુંડલા સ્થિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં તાજેતરમાં 24 વર્ષની એક મહિલાની ખૂબ જટિલ થાયરોઈડ સર્જરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવી...





માહિતી મુજબ દર્દીને ગળાના આગળના ભાગમાં જમણી બાજુ છેલ્લા લગભગ 7 વર્ષથી સોજો હતો। પ્રાથમિક તથા વિશેષ તપાસોમાં સોનોગ્રાફી, સિટી-સ્કેન અને FNAC (પેથોલોજીકલ રિપોર્ટ) દ્વારા થાયરોઈડ ગ્રંથિમાં "Papillary Carcinoma" (કેન્સર પ્રકારની ગાંઠ) હોવાનું નિદાન થયું હતુ.ડો હેપી પટેલ (ઈએનટી સર્જન) ની સલાહ અનુસાર દર્દીને તાત્કાલિક સર્જરી માટે દાખલ કરવામાં આવી હતી. સર્જરી દરમિયાન સંપૂર્ણ થાયરોઈડ ગ્રંથિ (Total Thyroidectomy) સફળતાપૂર્વક દૂર કરવામાં આવી હતી સાથે સાથે આસપાસની બધી જ લસિકા ગ્રંથિઓ પણ સફળતાપૂર્વક દૂર કરવામાં આવી તથા ઓપરેશન દરમિયાન ખાસ કરીને અવાજ માટે જવાબદાર મહત્વપૂર્ણ નર્વ (Recurrent Laryngeal Nerve) ને કોઈ નુકસાન ન થાય તે માટે વિશેષ કાળજી લેવામાં આવી હતી.આ જટિલ સર્જરી ડૉ. હેપી પટેલ (ENT સર્જન) તથા તેમની કુશળ ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી। હાલ દર્દીની સ્થિતિ સ્થિર અને સંતોષકારક છે તેવું અહીંના મેડિકલ સુપ્રીટેન્ડેન્ટ ડોક્ટર પ્રકાશ કટારીયા ની યાદીમાં જણાવવામાં આવ્યું હતુંઆ સફળ સર્જરીથી સંસ્થાની તબીબી ટીમની કુશળતા અને આધુનિક સારવાર સુવિધાઓનો પરિચય મળે છે, જે ગ્રામ્ય અને આસપાસના વિસ્તારના દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

તારીખ : 21/05/2026

# 5 જૂનની પોરબંદર–મુઝફ્ફરપુર એક્સપ્રેસ પરિવર્તિત માર્ગથી ચાલશે



યાત્રિયોની સુવિધા અને સુરક્ષિત રેલ સંચાલન સુનિશ્ચિત કરવા માટે પૂર્વોત્તર રેલવેના વારાણસી મંડળ હેઠળ ઉનૌલા–પિપરાઇચ રેલખંડ વચ્ચે પેચ ડબલિંગ કામ તેમજ પ્રી-નોન ઈન્ટરલોકિંગ (Pre-NI) અને નોન ઈન્ટરલોકિંગ (NI) કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરીને કારણે પશ્ચિમ રેલવે દ્વારા સંચાલિત ટ્રેન નંબર 19269/19270 પોરબંદર–મુઝફ્ફરપુર–પોરબંદર એક્સપ્રેસ નિર્ધારિત તારીખોએ પરિવર્તિત માર્ગથી ચાલશે.વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું કે ટ્રેન નંબર 19269 પોરબંદર–મુઝફ્ફરપુર એક્સપ્રેસ તા. 5 જૂન, 2026ના રોજ તેના નિર્ધારિત માર્ગ ગોરખપુર–પનિયહવા– નરકટિયાગંજ– મુઝફ્ફરપુરના બદલે ગોરખપુર– ભટની– છપરા ગ્રામિણ–મુઝફ્ફરપુર માર્ગથી ચાલશે.આ દરમિયાન આ ટ્રેન નીચેના સ્ટેશનો પર રોકાશે નહીં: સિસવા બાજાર, બગહા, નરકટિયાગંજ, બેતિયા, સુગૌલી, બાપુધામ મોતીહારી, ચકિયા અને મેહસી.ટ્રેન નંબર 19270 મુઝફ્ફરપુર–પોરબંદર એક્સપ્રેસ તા. 24 મે, 31 મે, 1 જૂન, 7 જૂન અને 8 જૂન, 2026ના રોજ તેના નિર્ધારિત માર્ગ મુઝફ્ફરપુર– નરકટિયાગંજ– પનિયહવા–ગોરખપુરના બદલે મુઝફ્ફરપુર–છપરા ગ્રામિણ–ભટની– ગોરખપુર માર્ગથી ચાલશે.આ દરમિયાન આ ટ્રેન નીચેના સ્ટેશનો પર રોકાશે નહીં: મહેસી, ચકિયા, બાપુધામ મોતીહારી, સુગૌલી, બેતિયા, નરકટિયાગંજ, બગહા અને સિસવા બાજાર.રેલવે પ્રશાસન મુસાફરોને વિનંતી કરે છે કે મુસાફરી શરૂ કરતા પહેલાં પોતાની ટ્રેનની નવીનતમ માહિતી માટે NTES (National Train Enquiry System) અથવા વેબસાઈટ www.enquiry.indianrail.gov.in નો ઉપયોગ કરે.

અતુલ કુમાર ત્રિપાઠી

વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધકપશ્ચિમ રેલવે,

ભાવનગર મંડલ

કે.ડી. NEWS
તારીખ : 21/05/2026

# અમરેલી ખાતે રામેશ્વર સત્સંગ મહિલા મંડળ આયોજિત ભક્તિ બાપુ માનવ મંદિર સાવરકુંડલા વાળા ની ભાગવત સપ્તાહમાં આજે રામ જન્મ અને કૃષ્ણ જન્મ ની કથા સંભળાવવામાં આવી...











આજે કથામાં અનેક દિગજ મહાનુભાવો સંતો ઉપસ્થિત રહ્યા જેમાં નેસડી થી લવજી બાપુ વરસડા થી સોનલ માં થી નલિન બાપુ નાના માચીયાળા અને મોટા આંકડિયા થી રામ ભક્ત લાલભાઈ બોદર પરિવાર સાથે આવી ભક્તિ બાપુને સન્માન પત્ર એનાયત કર્યું અમરેલી થી સમગ્ર સાધુ સમાજ દ્વારા ભક્તિ બાપુ નું સન્માન કરવા આવ્યું.

મોટા ભલગામ થી નરેશ બાપુ ઉદય બાપુ અમરેલી થી દિનેશ દાદા શાસ્ત્રી બગદાણા આશ્રમથી મહેમાનો પધારા ઉપરાંત મોટી સંખ્યામાં શ્રોતાજનો ઉપસ્થિત રહ્યા હતા અને રંગે ચંગે કૃષ્ણ જન્મમાં લીન થયા હતા.








# સાવરકુંડલા મનોરોગી આશ્રમ માનવ મંદિર ના ભક્તિ બાપુને ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પત્ર લખી ભક્તિ બાપુની સેવાઓને બિરદાવી અને આપી શુભકામનાઓ...



ભૂપેન્દ્ર પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

તા. [illegible]

સ્નેહી શ્રી ભક્તિબાપુ,

સપ્રેમ નમસ્કાર.

સાવરકુંડલાથી દૂર પાંચ કિલોમીટર અંતરે મહુવા રોડ પર આપ દ્વારા સંચાલિત માનવ મંદિર આશ્રમ ખાતે મનોરોગી માતાઓ-બહેનોની સેવા અને સારવારનું કાર્ય વિના મૂલ્યે થઈ રહ્યું હોવાની જાણકારીથી પ્રસન્નતા થઈ.

માત્ર બે જ અક્ષરથી બનેલો શબ્દ 'સેવા' વ્યવહારમાં ઉતારવો ખૂબ જ કઠિન છે. માનવતાનું પવિત્ર ઝરણું જેમના હૃદયમાં અસ્ખલિત રીતે વહેતું હોય એવા વિરલ વ્યક્તિઓના આચરણમાં એ વર્તાય છે. [illegible] ધર્મ: એટલે કે 'સેવા' શ્રેષ્ઠ ધર્મ છે. એવી સંકલ્પના આપણા શાસ્ત્રોમાં સમાવિષ્ટ છે. 'સેવા'નો ભાવ સુસંસ્કૃત સમાજના નિર્માણમાં પાયાનો પથ્થર બની રહે છે. ઘર-પરિવારનો ત્યાગ કરીને દેશ સેવા માટે સમર્પિત જીવન જીવતા આપણા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આ બાબતનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. એમના સેવા ભાવનાના પરિપાક રૂપે આજે દેશનો સર્વ સમાવેશી અને સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે.

આ પરિપ્રેક્ષ્યમાં આપ દ્વારા સંચાલિત માનવ મંદિર આશ્રમમાં રખડતા, ભટકતા, નિરાધાર મનોરોગી બહેનોની સેવાની કામગીરી થકી તેમને પુનર્જીવન પ્રાપ્ત થઈ શકે તે માટેની થઈ રહેલ કામગીરી સર્વથા આવકાર્ય અને સ્તુત્ય છે. અલગ-અલગ પ્રાંત અને ભાષાવાળી મનોરોગી બહેનોને પોલીસ આ આશ્રમમાં પહોંચાડે છે. કોઈ પણ પ્રકારની ફી કે ફાળો લીધા વિના આ બહેનોની સેવા અને સારવારની કામગીરી કરવામાં આવે છે. અમરેલીના જ મનોચિકિત્સક વિવેકભાઈ જોશી તથા ચંદ્રેશભાઈ બાબરિયા વિનામૂલ્યે આ ઉમદા કામગીરી માટે નિઃશુલ્ક સેવા આપી રહ્યા છે. તે સરાહનીય છે. અનેક સેવાભાવી લોકો દ્વારા દાન પેટે વસ્તુઓ, ધનરાશિ વગેરે આપવામાં આવે છે. જે સેવાના આ ઉમદા કાર્ય માટે સહાયક બની રહે છે. અનેક લોકોની નિઃસ્વાર્થ કામગીરી થકી ચાલતા આ સેવાયજ્ઞના કારણે અનેક બહેનો રોગમુક્ત બનીને સમાજજીવનમાં પુનઃ પ્રસ્થાપિત થઈ છે. અને આમાંની કેટલીક બહેનોના લગ્ન પણ આપની સંસ્થાએ કરાવી આપેલ છે, તે પ્રશંસનીય છે.

આ જ પ્રકારે આપના સેવાકાર્યોની સરવાણી અવિરત વહેતી રહે અને મનોરોગી બહેનોની સારસંભાળ અને ચિકિત્સાની કામગીરી થતી રહે એવી અંતરતમ શુભકામનાઓ પાઠવું છું.

આપનો,
(ભૂપેન્દ્ર પટેલ)

Shree Bhaktibapu Gondaliya,
Manav Mandir, Hathsani Road,
Savarkundla, Dist. Amreli-364515



કે.ડી. NEWS

તારીખ : 21/05/2026

# સાવરકુંડલા નગરપાલિકાના નવનિયુક્ત પદાધિકારીઓનો ભવ્ય પદગ્રહણ સમારોહ સંપન્ન



## ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની વડપણ હેઠળ જનપ્રતિનિધિઓએ લોકોના પ્રશ્નો ઉકેલવા અને જનસુખાકારીના કાર્યોને વેગ આપવા સંકલ્પ સાથે સંભાળ્યો કાર્યભાર

સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારના કર્મનિષ્ઠ અને લોકપ્રિય ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના સક્ષમ નેતૃત્વ અને પ્રેરક માર્ગદર્શન હેઠળ આજે સાવરકુંડલા નગરપાલિકાના નવનિયુક્ત પદાધિકારીઓનો પદગ્રહણ સમારોહ ભારે ઉત્સાહ, ઉમંગ અને ગૌરવપૂર્ણ માહોલમાં સંપન્ન થયો હતો. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા અને નવા પદાધિકારીઓને આવકારવા માટે સાવરકુંડલા શહેરભરમાંથી પ્રચંડ જનમેદની ઉમટી પડી હતી.શ્રી જોગીદાસ બાપુ ખુમાણ નગરસેવા સદન (નગરપાલિકા કચેરી), સાવરકુંડલા ખાતે આયોજિત આ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં નવનિયુક્ત તમામ પદાધિકારીઓએ શાસ્ત્રોક્ત વિધિ અને શુભેચ્છાઓ વચ્ચે વિધિવત રીતે પોતાનો હોદ્દો અને કાર્યભાર સંભાળ્યો હતો નવનિયુક્ત પ્રમુખશ્રી નયનાબેન કાપડિયા સાથે નવનિયુક્ત ઉપપ્રમુખશ્રી નુતનબેન તન્ના તેમજ નવનિયુક્ત ચેરમેનશ્રી:જીગ્નેશભાઈ ટાંક અને નવનિયુક્ત દંડકશ્રી:અરવિંદભાઈ મેવાડા સાથે સાથે શાસક પક્ષના નેતાશ્રી દિનેશભાઈ રાઠોડ નગરપાલિકાનો ચાર્જ સંભાળતાની સાથે જ તમામ પદાધિકારીઓએ સૂર પુરાવ્યો હતો કે, તેઓ પ્રજાલક્ષી કાર્યો માટે ચોવીસેય કલાક જાગૃત રહેશે. સ્થાનિક નગરજનોની સમસ્યાઓનો ત્વરિત અને ધારદાર ઉકેલ લાવી સાવરકુંડલાના સર્વાંગી વિકાસને એક નવી ઊંચાઈ પર લઈ જવા તેઓ કટિબદ્ધ છે.આ પ્રસંગે ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ નવી ટીમને અંતઃકરણપૂર્વકની શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે, આ નવી ઊર્જાવાન અને સક્ષમ ટીમ શહેરના વિકાસ કાર્યોને વધુ ગતિશીલ બનાવશે અને સંગઠનની શક્તિથી પ્રજાના હિતમાં શ્રેષ્ઠ પરિણામો આપશે.આ ગૌરવપૂર્ણ અને ઐતિહાસિક પ્રસંગે સંગઠનના તમામ હોદ્દેદારો, નગરપાલિકાના સદસ્યશ્રીઓ તેમજ સર્વે પક્ષીય કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સાવરકુંડલા શહેરના રાજકીય આગેવાનો, વેપારી મંડળોના પ્રતિનિધિઓ, શિક્ષક સંઘ, સામાજિક-ધાર્મિક સંસ્થાઓના અગ્રણીઓ તેમજ સાવરકુંડલા નગરપાલિકાના તમામ કર્મચારીઓ અને સ્ટાફગણે ખૂબ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.ઉપસ્થિત વિશાળ જનમેદનીએ નવા દાયિત્વ સંભાળનાર તમામ પદાધિકારીઓને પુષ્પગુચ્છ અને શુભેચ્છાઓ પાઠવી નવી ઊર્જા અને પ્રેરણા પુરી પાડી હતી.

કે.ડી. NEWS

તારીખ : 21/05/2026

# મહુવા-બાંદ્રા ટ્રેનને દામનગરમાં સ્ટોપ આપવા માંગ...




મહુવા-બાંદ્રા ટ્રેનને દામનગર રેલવે સ્ટેશન પર સ્ટોપ આપવા લોકોમાં માંગ ઉઠી છે. દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્ર તરફ જવા માટે આ વિસ્તારના લોકોને આ ટ્રેનનો લાભ મળશે. રેલવે તંત્ર દ્વારા શરૂ કરાયેલ મહુવા-બાંદ્રા ટ્રેનમાં પૂરતા પ્રમાણમાં પેસેન્જરો મુસાફરી કરતા હોવાથી આવક પણ નોંધપાત્ર થઈ રહી છે. દામનગરથી માત્ર 6 કિલોમીટર દૂર આવેલા ભૂરખીયા હનુમાનજી મંદિરે મુંબઈ તેમજ દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાંથી ભક્તો નિયમિત દર્શનાર્થે આવતા હોય છે. ભુરખીયા દાદા ઉપર અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ ધરાવનાર ભક્તો મોટી સંખ્યામાં દરરોજ દર્શનાર્થે આવતા હોય છે દરરોજ અલગ અલગ શહેરો જિલ્લાઓ તાલુકાઓમાંથી ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે ત્યારે મહુવા બાંદ્રા ટ્રેન દામનગરમાં સ્ટોપ આપવામાં આવે તો દામનગર સહિત આજુબાજુના 22થી 25ગામોના લોકો માટે આ ટ્રેન ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકે છે. પરંતુ મહુવા બાંદ્રા ટ્રેનને દામનગરમાં સ્ટોપે જ નથી.જેના કારણે મુસાફરોને આ ટ્રેનમાં મુસાફરી કરવા માટે અન્ય સ્ટેશન પર જવવું પડે છે.

ત્યારે મહુવા બાંદ્રા ટ્રેનને દામનગરમાં સ્ટોપ આપવામાં આવે તો ભૂરખિયા દાદા ના દર્શનાર્થે આવતા ભક્તોને ખૂબ સરળતા પડે તેમ છે તથા બહાર સ્થાયી થયેલા લોકો પણ પોતાના વતન તરફ આવે તો દામનગર સ્ટોપ હોય તો તેમને પણ સરળતાથી પડે તેમ છે ત્યારે દામનગર સ્ટોપ આપવા માંગ ઉઠી છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# એડમીશન ઓપન

**કાર્યક્ષેત્ર : ધો. 8 થી 12 / કોમર્સ - આર્ટસ**
**F.Y, S.Y, T.Y, B.Com, M.Com, MBA**

**:: બધાજ વિષયોના ::**
**ઓફલાઈન/ઓનલાઈન ટ્યુશન કલાસીસ**

## Career Plus Teaching Point

**વિશ્વાસ અને શ્રેષ્ઠ પરિણામ એ જ અમારી કલાસીસ ઓળખ છે**
**છેલ્લા 21 વર્ષથી સાવરકુંડલાના આંગણે કાર્યરત જ્યા અમે**
**માત્ર ભણાવતા નથી પણ વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઘડીએ છીએ..**

**અમારી ગૌરવશાળી સિધ્ધીઓ :**

સાવરકુંડલાના એક માત્ર એવા કલાસીસ જ્યા
50 થી વધુ એકાઉન્ટ અને આંકડાશાસ્ત્ર વિષયમાં
100 માં થી 100 ગુણની સિધ્ધી પ્રાપ્ત કરી
ઈતિહાસ રચ્યો છે. શ્રેષ્ઠ માર્ગદર્શન અને સખત
મહેનતનો સંગમ એટલે કેરીયર પ્લસ ટ્યુશન કલાસીસ

**અમારી વિશેષતા ::::**
- ઓનલાઈન / ઓફલાઈન ટ્યુશન કલાસીસ
- લાઈવ કલાસની સાથે
  વિડીયો રેકોડીંગ કલાસની સુવિધા
- કોઈ વિદ્યાર્થી કોઈ કારણસર ગેરહાજર હોઈ
  તો અભ્યાસથી વંચિત ન રહે,
  ગમે ત્યારે તે ઘરબેઠા રિવીઝન કરી શકે.
- સ્માર્ટ બોર્ડ સાથેના કલાસીસ

**ધોરણ 10 માં**
**વિદ્યાર્થીઓને**
**A1/A2 ગ્રેડ મેળવનારને**
**ધોરણ 11 માં**
**50% ફી માફ**

**:: વધારે માહિતી માટે સંપર્ક ::**
**બંસીધર, સાહિબ સ્વીટની સામે, દેવળાગેઈટ, સાવરકુંડલા**
**મો. 9054412212**


તારીખ : 21/05/2026

# જિલ્લા માહિતી કચેરી અમરેલીના કર્મયોગીઓએ વસ્તી ગણતરી-૨૦૨૭ અંતર્ગત ઓનલાઇન સ્વ-ગણતરીની પ્રક્રિયા પૂર્ણ કરી

**નાગરિકો ૩૧ મે, ૨૦૨૬ સુધી hppts://se.census.gov.in પોર્ટલ પર જઈ સરળતાથી સ્વ-ગણતરી કરી શકે છે**







અમરેલી તા. ૨૦ મે, ૨૦૨૬ (બુધવાર) - વસ્તી ગણતરી -૨૦૨૭ ભારત સરકાર દ્વારા હાથ ધરાતી રાષ્ટ્ર નિર્માણની અત્યંત મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. ગુજરાત રાજ્યમાં જન ગણતા – ૨૦૨૭ અંતર્ગત સ્વ-ગણતરી (Self Enumeration)પ્રક્રિયાની શરૂઆત થઈ ગઈ છે. હવે જન ગણનામાં સહભાગી થવું વધુ સરળ, સ્માર્ટ અને સુવિધાજનક બન્યું છે. નાગરિકો જાતે કોમ્પ્યુટર કે મોબાઈલ પર જ ઓનલાઈન સ્વ-ગણતરીમાં ભાગ લઈ શકે છે. આ અભિયાન અંતર્ગત જિલ્લા માહિતી કચેરી અમરેલીના કર્મયોગીઓએ સ્વ-ગણતરીની પ્રક્રિયા પૂર્ણ કરી છે. અમરેલી જિલ્લાના નાગરિકો ૩૧ મે, ૨૦૨૬ સુધી રોજના ૨૪ કલાક, દેશના કોઈપણ ખૂણેથી આપ hppts://se.census.gov.in પોર્ટલ પર જઈ સરળતાથી સ્વ-ગણતરી કરી શકશો. અથવા કમ્પ્યુટર દ્વારા ઘેર બેઠા જ થોડી જ મિનિટોમાં આપના વર્તમાન રહેઠાણ તથા પરિવારની વિગતો સરળતાથી નોંધી શકાશે. સ્વ-ગણતરી માટે કોઈપણ પ્રકારના દસ્તાવેજ અપલોડ કરવાની જરૂર રહેશે નહીં. સ્વ-ગણતરી પૂર્ણ થયા બાદ આપને એક યુનિક S E I D પ્રાપ્ત થશે. ત્યારબાદ ગણતરીદાર આપના ઘરે મુલાકાતે આવે ત્યારે માત્ર S E I D દર્શાવી સમગ્ર પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરી શકાશે.

તારીખ : 21/05/2026

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ભવ્ય સ્પર્ધા - ૨૦૨૬

## તમારી કળા દર્શાવવાની સુવર્ણ તક!

### આજે જ રજીસ્ટ્રેશન કરાવો....

**૧.**
**ફેન્સી ડ્રેસ સ્પર્ધા**
**(Fancy Dress)**
**ઉંમર**
૩ થી ૧૫ વર્ષ
ફી : ૧૫૦/-
તા. ૨૩ મે, ૨૦૨૬

**૨.**
**સિંગિંગ સ્પર્ધા**
**(Singing)**
**ઉંમર**
તમામ ઉંમરના લોકો માટે
ફી : ૧૫૦/-
તા. ૨૩ મે, ૨૦૨૬

### આકર્ષક ઈનામો:
વિજેતાઓ માટે સરપ્રાઈઝ ગિફ્ટ!

**સંપર્ક : મો. 99259 65801 / મો.96874 46363**

ઉતાવળ કરો, એન્ટ્રી મર્યાદિત છે!

તારીખ : 21/05/2026

# દામનગર ના જાણીતા શિક્ષક 'બાવી' મકવાણાના નામે પ્રચલિત બાબુભાઈ મકવાણાના જન્મદિવસ નિમિત્તે સત્કાર સમારંભ યોજાયો



અમરેલી જિલ્લાના દામનગરના શ્રેષ્ઠ શિક્ષક બાબુભાઈ વિઠ્ઠલભાઈ મકવાણાએ 89 વર્ષ પૂર્ણ કરી 90મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ પ્રસંગે સુપ્રસિદ્ધ શ્રી ભુરખિયા હનુમાનજી મંદિર પરિસરમાં તેમનો સત્કાર સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં ગુજરાત રાજ્યના પૂર્વ શિક્ષણ નિયામક ડો. નલિનભાઈ પંડિત અને ડો. નાનકભાઈ ભટ્ટ સહિત અનેક કેળવણીકારો ઉપસ્થિત રહ્યા હતા.ગુજરાત રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા 'શ્રેષ્ઠ શિક્ષક પરિતોષક' વિજેતા અને 'બાવી' મકવાણાના નામે પ્રચલિત બાબુભાઈ મકવાણાનું તેમના 90 મા જન્મદિવસે શાલ, શિલ્ડ, સન્માન પત્રો, પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન આપીને સન્માન કરવામાં આવ્યું હતું.સમારોહના અધ્યક્ષ સ્થાને સારસ્વત ડો. નલિનભાઈ પંડિત અને મુખ્ય મહેમાન તરીકે ડો. નાનકભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત, શિશુવિહાર પરિવાર ભાવનગર, સહકારી અગ્રણી હરજીભાઈ વશરામભાઈ બારડ (અમદાવાદ), વલ્લભભાઈ બારડ, લાઠી તાલુકા પેન્શનર સમાજના પ્રમુખ ભાલાળા અને કારોબારી સદસ્યો હાજર રહ્યા હતા.એડવોકેટ આર.સી. દવે, શ્રી મણીભાઈ સાર્વજનિક પુસ્તકાલય પરિવાર, જીવદયા નંદી સેવા ટ્રસ્ટ, શ્રી અનસૂયા ક્ષુધા ટ્રસ્ટ, વેજનાથ મહાદેવ અન્નક્ષેત્ર પરિવાર તેમજ શહેરની સામાજિક, સ્વૈચ્છિક અને શૈક્ષણિક સંસ્થાઓના અગ્રણીઓ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહી બાબુભાઈને શુભેચ્છાઓ પાઠવી હતી.બાબુભાઈના પુત્ર યશવંત મકવાણા, પુત્રીઓ નિરુબેન વાઘેલા, જયશ્રીબેન, ડો. સોલનબેન, આશિષભાઈ ચૌહાણ, વર્ષાબેન અશોકભાઈ, પૌત્રી પરી યશવંત મકવાણા, પુત્રવધૂ શ્રીદેવી મકવાણા, તેમજ તેજસ વાઘેલા, ધવલ ચૌહાણ, મીત જેઠવા, શોન ચૌહાણ, આરાધના પરી, પ્રાંશુલ, આર્યન સહિત સમગ્ર 'બાવી' મકવાણા પરિવારજનો, સગાં-સ્નેહીઓ પણ આ સત્કાર સમારોહમાં હાજર રહ્યા હતા.આ સમારોહમાં બાબુભાઈના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ અને શિક્ષકોની પણ મોટી સંખ્યામાં ઉપસ્થિતિ જોવા મળી હતી, જેમણે પોતાના પ્રિય શિક્ષકને 90 મા જન્મદિવસે શુભેચ્છાઓ પાઠવી હતી. અને તેમનું માર્ગદર્શન અને આશીર્વાદ સદા મળતા રહે તેવી પણ વિદ્યાર્થીઓએ હિતેચ્છુઓ એ આશા વ્યક્ત કરી હતી. અને સાથે જે જગ્યાએ આ ઉજવણી અને સત્કાર સમારંભનું આયોજન થયું હતું તે ભુરખીયા દાદાના  બધાએ આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કે.ડી. NEWS

તારીખ : 21/05/2026

# પ્રાકૃતિક કૃષિ અને બાયો-ઈનપુટ્સ

## ખેતી લાયક જમીનને રસાયણમુક્ત રાખવી જરુરી, બાયો-ઈનપુટ્સ જમીનમાં સેન્દ્રિય પદાર્થોમાં વધારો કરે છે

## પાકને પોષક તત્વો પૂરા પાડવા અને રોગ, જીવાત નિયંત્રણ એમ બે પ્રકારના બાયો-ઈનપુટ્સ

આલેખન : ધર્મેશ એન.વાળા

અમરેલી, તા.૨૦ મે,૨૦૨૬ (બુધવાર) - રાજ્યને ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી યુક્ત બનાવવા માટે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રાજયભરમાં પ્રાકૃતિક કૃષિ અન્વયે મિશન મોડમાં પ્રયાસો શરૂ છે, રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ અપનાવતા ખેડૂતોની સંખ્યામાં પણ ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ અને તેની વિવિધ પદ્ધતિઓ વિશે માર્ગદર્શન આપવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિ વિશેનું વ્યાપક માર્ગદર્શન રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી લિખિત પુસ્તક 'પ્રાકૃતિક કૃષિ'માં પણ આપવામાં આવ્યું છે.પ્રાકૃતિક કૃષિમાં બાયો-ઈનપુટ્સનું મહત્વ શું છે ? બાયો-ઈનપુટ્સ થકી ખેતીની જમીનને મજબૂત બનાવવામાં મદદ મળે છે. બાયો-ઈનપુટ્સ એ ફાયદાકારક સજીવો અથવા છોડમાંથી મેળવેલા કુદરતી અર્કમાંથી બનાવેલ ઉત્પાદનો છે. બેકટેરિયા, ફૂગ, વાયરસ અને જંતુઓ, જેનો ઉપયોગ જીવાતોને નિયંત્રિત કરવા અથવા છોડના વિકાસને પ્રોત્સાહન આપવા માટે કૃષિ ઉત્પાદનમાં થઈ શકે છે તે એવા ઉત્પાદનો છે જે પર્યાવરણમાં ઝેરી અવશેષો છોડતા નથી. સાથે તેના ઉપયોગથી ખેડૂતો અને ગ્રાહકોના સ્વાસ્થ્ય માટે કોઈ ખતરો નથી.

ભારત કુદરતી રીતે ઉપલબ્ધ વિવિધ કાર્બનિક પોષક તત્વોથી સમૃદ્ધ પ્રદેશ છે. પ્રાકૃતિક ખેતીમાં ઘણી મદદ કરે છે. કૃષિમાં ઉત્પાદન વધારવા માટે બાયોપેસ્ટીસાઈડ્સ અને બાયોફર્ટિલાઈઝર્સની ઉપયોગિતા ઘણા વર્ષોથી જાણીતી છે. જમીનમાં સુક્ષ્મજીવાણુ દ્વારા નાઈટ્રોજન ફિક્સેશન કરવાથી અને ખેતરના અવશેષોનો ઉપયોગ કરીને ખેતરમાં નાઈટ્રોજનને રિસાયકલિંગ કરવાથી જમીનની ગુણવત્તામાં સુધારો થાય છે. આ પ્રાકૃતિક ખેતીની ઓછા બાહ્ય ખર્ચની મુખ્ય પદ્ધતિ છે.

બાયો-ઈનપુટ્સનું મહત્વ : બાયો-ઈનપુટ્સ જમીનમાં સેન્દ્રિય પદાર્થોમાં વધારો કરે છે. બાયો-ઈનપુટ્સના બે પ્રકાર છે : (૧) પાકને પોષક તત્વો પૂરા પાડવા માટેના બાયો-ઈનપુટ્સ અને (૨) રોગ, જીવાત નિયંત્રણ માટેના બાયો-ઈનપુટ્સ. બાયો-ઈનપુટ્સના અનેક ફાયદાઓ છે, (૧) જમીનની રચનામાં સુધારો થાય છે, (૨) જૈવિક પ્રવૃત્તિઓમાં વધારો નોંધાય છે, (૩) પાણીની સંગ્રહ શક્તિમાં વધારો થાય છે. (૪) જમીનના ખેડાણની પ્રક્રિયામાં ઘટાડો થાય છે, (૫) પાકના આરોગ્યમાં ધરખમ સુધારો થાય છે. (૬) પાકને જીવાતો અને રોગોથી બચાવવામાં પણ અગત્યની ભૂમિકા ભજવે છે, (૭) ખેતીની જમીનની ગુણવત્તા જાળવવા માટે કૃષિ બાયો-ઈનપુટ્સ મહત્વપૂર્ણ ભાગ છે.

રાજ્યના ખેડૂતોમાં આ અંગે જાગૃત્તિ આવે અને તેઓ પ્રાકૃતિક કૃષિ માટે આગળ આવે તો કૃષિક્ષેત્રે અનેક સકારાત્મક પરિવર્તન લાવી શકાય છે. રસાયણમુક્ત ખેતી થતાં જમીનની ક્ષમતામાં પણ વધારો થશે.

**ખેડૂતોની જાગૃતતાથી પ્રાકૃતિક કૃષિમાં ભવિષ્યમાં નોંધનીય હકારાત્મક ફાયદાઓ જોવા મળશે, રસાયણમુક્ત ખેતી થતાં જમીનની ક્ષમતામાં વધારો થશે**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



SAINT THOMAS SCHOOL SAVARKUNDLA

# સેન્ટ થોમસ ઈંગ્લીશ સ્કૂલ

ગીરધરવાવ પાછળ, મહુવારોડ, સાવરકુંડલા. ફોન : 94264 22144/02845-295032

## શું તમારા બાળકને ભવિષ્ય માટે મજબૂત આધાર મળી રહ્યો છે?

ઘણા વાલીઓને ચિંતા રહે છે !!!

પૂરતું વ્યક્તિગત ધ્યાન મળતું નથી * અભ્યાસનો મજબૂત આધાર નથી

અંગ્રેજી બોલવામાં આત્મવિશ્વાસ ઓછો છે,,,

## આ તમામ ચિંતાઓનું સમાધાન એટલે થોમસ સ્કુલ...

### અમારી વિશેષતાઓ

- દર વર્ષે ૧૦૦% પરિણામ
- અંગ્રેજી માધ્યમ શિક્ષણ
- અનુભવી અને સંવેદનશીલ શિક્ષકો
- સુરક્ષિત અને શિસ્તબદ્ધ કેમ્પસ
- દરેક વિદ્યાર્થી પર વ્યક્તિગત ધ્યાન



## તમારા બાળકના ભવિષ્ય સાથે સમાધાન ન કરો.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે

# પ્રવેશકાર્ય શરૂ છે...

ધોરણ : નર્સરી થી ધોરણ-૯

દર વર્ષે 100 % પરિણામ

વહેલા પ્રવેશ માટે ખાસ લાભ

સંપર્ક: 9376245177 /9033321323


મર્યાદિત બેઠકો આજે જ પ્રવેશ લો!

તારીખ : 21/05/2026

# ખાંભા તાલુકાના વિવિધ મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલક કમ કુકની આવશ્યકતા તા.30 મે સુધીમાં અરજી કરવી

અમરેલી તા.૨૦ મે, ૨૦૨૬ (બુધવાર) - ખાંભા તાલુકાના અનિડા પ્રાથમિક શાળા, બાબરપુર પ્રાથમિક શાળા, ભાડ પ્રાથમિક શાળા, ભુંડણી પ્રાથમિક શાળા, ચતુરી પ્રાથમિક શાળા, દડલી પ્રાથમિક શાળા, દાઢીયાળી પ્રાથમિક શાળા, ડેડાણ કન્યા પ્રાથમિક શાળા, ધારી નાની પ્રાથમિક શાળા, જીકીયાળી પ્રાથમિક શાળા, જુના માલકનેસ પ્રાથમિક શાળા, ખડાધાર પ્રાથમિક શાળા, ખાંભા નવી વસાહત પ્રાથમિક શાળા, મુજીયાસર પ્રાથમિક શાળા, નાનુડી પ્રાથમિક શાળા, નવા માલકનેસ પ્રાથમિક શાળા, નેસડી-૨ પ્રાથમિક શાળા, નિંગાળા-૨ પ્રાથમિક શાળા, પીપળવા પ્રાથમિક શાળા, રબારીકા પ્રાથમિક શાળા, રાયડી પ્રાથમિક શાળા, ત્રાકુડા પ્રાથમિક શાળા, વિસાવદર નાના પ્રાથમિક શાળા, ઉદાણી પ્રાથમિક શાળા ખાતે મધ્યાહન ભોજન કેન્દ્ર ખાતે સંચાસલક કમ કુકની આવશ્યકતા છે. આ માટે તા.30-૦૫-૨૦૨૬ ૨.૦૦ વાગ્યા સુધીમાં અરજી કરવી. ઉંમર ઓછામાં ઓછા ૨૦ વર્ષ પૂર્ણ થયા હોય અને ૬૦ વર્ષથી ઓછી હોય તેવા લાયક ઉમેદવાર અરજી કરી શકશે. સરકારના નિયમોનુસાર માનદ વેતન મળવાપાત્ર છે. નિયત અરજી પત્રક કચેરીના સમય દરમિયાન ખાંભા મામલતદાર કચેરી અથવા જિલ્લા પુરવઠા અધિકારીશ્રીની કચેરી, પી.એમ.પોષણની કચેરી અમરેલી ખાતેથી મળી શકશે. અરજી ફોર્મ ભરીને આધાર-પુરાવા સાથે તા. 30-૦૫-૨૦૨૬ના રોજ બપોર ૨.૦૦ વાગ્યા સુધીમાં રજીસ્ટ્રી શાખા-મામલતદાર કચેરી, ખાંભા ખાતે પહોંચાડવાનું રહેશે. સ્થાનિક રહેવાસી અને મહિલા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે તેમ ખાંભા તાલુકા મામલતદારશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 21/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

તારીખ : 21/05/2026

# અમરેલી જિલ્લામાં ફરી જંગલના રાજાના આંટાફેરા..



અમરેલી જિલ્લામાં હાઈવે પર તો ક્યારેક રોડ રસ્તા પર તો ક્યારેક રહેઠાણ વિસ્તારો બાજુ પણ જંગલના રાજા ની અવર-જવર સીસીટીવી માં કેદ અથવા જોવા મળી રહી છે ત્યારે કાગવદરમાં મોડી રાત્રે હાઈવે નજીક સિંહના આંટાફેરા જોવા મળતા ગ્રામજનોમાં ચિંતા વ્યાપી છે. રાત્રીના 3:15 વાગ્યે એક સિંહ ગામની બાજુ તથા હાઈવે નજીક ફરી રહ્યો હતો. જેનો વીડિયો એક ખેડૂતે મોબાઈલમાં કેદ કર્યો હતો.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના બાબરકોટ, લુણસાપુર અને કાગવદર વિસ્તાર આસપાસ 50 જેટલા સિંહોનું રહેણાંક છે. બાબરકોટની લેન્ડ વિસ્તારમાં તો સિંહોનો કાયમી વસવાટ જોવા મળે છે. કાગવદર ગામ બાબરકોટથી 5 કિલોમીટર દૂર હોવાથી સિંહો અવારનવાર લુણસાપુરના ખારા વિસ્તાર મારફતે કાગવદર સુધી પહોંચી જાય છે.

સિંહો દ્વારા અનેક વખત પશુઓનો શિકાર કરવામાં આવ્યો છે. દિવસે અને રાત્રે બંને સમયે સિંહની અવરજવર સામાન્ય બની ગઈ છે.ગઈ રાત્રે હાઈવે નજીક સિંહના આંટાફેરાનો વીડિયો સામે આવ્યા બાદ ગ્રામજનોએ આ વિસ્તારમાં વન વિભાગનું પેટ્રોલીંગ વધારવા માંગ કરી છે.

તારીખ : 21/05/2026

# ભારતના સાતમા વડાપ્રધાન રાજીવ ગાંધીની આજે પુણ્યતિથિ..



રાજીવ ગાંધી (૨૦ ઓગસ્ટ, ૧૯૪૪ - ૨૧ મે ૧૯૯૧) એક ભારતીય રાજકારણી હતા, જેમણે ૧૯૮૪થી ૧૯૮૯ સુધી ભારતના છઠ્ઠા વડા પ્રધાન તરીકે સેવા આપી હતી. તેમના માતા, વડા પ્રધાન ઈન્દિરા ગાંધી, ૪૦ વર્ષની ઉંમરે સૌથી નાના ભારતીય વડાપ્રધાન બન્યા હતા. ગાંધી રાજકીય રીતે શક્તિશાળી નેહરુ-ગાંધી પરિવારનો હિસ્સો હતા, જે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ સાથે સંકળાયેલા હતા.૧૯૯૧ની ચૂંટણી સુધી રાજીવ ગાંધી કોંગ્રેસ અધ્યક્ષ રહ્યા હતા. જ્યારે તેઓ ચૂંટણીઓ માટે ઝુંબેશ ચલાવી રહ્યા હતા, ત્યારે તેમને એલટીટીઈ દ્વારા આત્મઘાતી બોમ્બર દ્વારા હત્યા કરવામાં આવી હતી.

તેમની વિધવા સોનિયા ૧૯૯૮માં કોંગ્રેસ પક્ષના અધ્યક્ષ બન્યા હતા અને ૨૦૦૪ અને ૨૦૦૯ની સંસદીય ચૂંટણીઓમાં પક્ષને વિજય અપાવ્યો હતો. તેમના પુત્ર રાહુલ સંસદ સભ્ય છે અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના વર્તમાન પ્રમુખ છે. ૧૯૯૧માં ભારત સરકારે તેમને મરણોત્તર ભારત રત્ન, દેશના સર્વોચ્ચ નાગરિક પુસ્કાર એનાયત કર્યો હતો. ૨૦૦૯માં ઈન્ડિયા લીડરશિપ કોન્ક્લેવમાં રાજીવ ગાંધીને આધુનિક ભારતના ક્રાંતિકારી નેતા પુરસ્કાર મરણોત્તર આપવામાં આવ્યો હતો.

KID NEWS

# ફ્રી ફાયર ગેમ રમવા
# 3 સગીર
# ભાઈ-બહેને ઘર છોડ્યું




**ઘરમાંથી 15,000 રૂપિયા પણ ચોર્યા**

સુરત | વેકરોડ, પંડોળ | 19 મે, 2026 | મધ્યરાત્રિ 01:30 થી 05:30


- ફ્રી ફાયર ગેમ રમવાની લત
- પિતાએ સીમ કાઢી ફોન કબાટમાં મૂક્યો
- ગેમ ન મળતા રાત્રે ઘર છોડ્યું
- ઘરમાંથી 15,000 રૂપિયા રોકડા ચોર્યા
- સુરત રેલવે સ્ટેશન પહોંચી ટ્રેનમાં ક્યાંક નીકળી ગયા



## માતા-પિતા અને સમાજ માટે લાલબતી સમાન !

### પિતાની વ્યથા

" મેં ક્યારેય બાળકો પર હાથ નથી ઉગ્ર્યો કે નથી ગાળો આપી. બસ, ગેમ રમવા ન મળી એટલે આ પગલું ભર્યું."



### મોટી બહેનની આંખે આંસુ

"જતાં જતાં એ લોકો અમને કહીને ગયા હતા કે 'અમે ખાવાનું બનાવી દીધું છે, તમે લોકો ખાઈ લેજો.' અમે નાની 9 વર્ષની બહેન પણ તેમની સાથે ચાલી નીકળી."



**ઓનલાઈન ગેમિંગની લત બાળકોન ભવિષ્ય માટે ખતરનાક !**

**માતાપિતા સચેત રહો, બાળકો પર નજર રાખો.**

GUJARAT POLICE

### પોલીસ એક્શનમાં

- સુરત પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો.
- અલગ-અલગ સર્વેલન્સ અને રેકિંગ ટીમ બનાવાઈ.
- રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ અને સંભવિત રૂટ્સ પર તપાસ જારી.

જો કોઈ માહિતી મળે તો તેમના નંબર પર જાણ કરો

**100**

બાળકોની સુરક્ષા માટે આપણે સૌની જવાબદારી

તારીખ : 21/05/2026

# કુંકાવાવના ભાયાવદરમાં ભાયાવદરમાં મકનબાપા સેવાધામ ખાતે 25 દિકરીઓનો સમૂહ લગ્નોત્સવ યોજાયો



અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના ભાયાવદરમાં મકનબાપા સેવાધામ ખાતે 25 દિકરીઓના ભવ્ય સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. ભાયાવદર મકનબાપા સેવાધામ અને ચાવડા-રાવરાણી પરિવાર દ્વારા મનબાપા મંદિરની 25મી રજત જયંતી નિમિત્તે ભાયાવદર ખાતે વાણંદ સમાજની 25 દિકરીઓનો સમૂહ લગ્નોત્સવ સંપન્ન થયો હતો.સમૂહ લગ્નોત્સવમાં આગેવાનોએ 25 નવદંપતીઓને સુખી દાંમ્પત્યજીવન માટે આશીર્વચન પાઠવ્યા હતા. સમૂહ લગ્નોત્સવમાં દિકરીઓને 125થી વધારે વસ્તુઓનો કરિયાવર તેમજ 5 લાખની જીવનવીમા પોલીસી આપવામાં આવી હતી.

તેમજ સમૂહ લગ્નોત્સવના દિવસે 8 હજારથી વધુ મહેમાનોએ ભોજન લીધું હતું. આ ઉપરાંત નાસીક ઢોલથી ભવ્ય રીતે જાનનું આગમન અને દિકરીઓની કોલ્ડ ફાયરથી એન્ટ્રી કરવામાં આવી હતી. જે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. બ્રાહ્મણો દ્વારા પરંપરા મુજબ શાસ્ત્રોક્ત વિધિથી લગનવિધિ સંપન્ન કરવામાં આવી હતી. ત્રીજા સમૂહ લગ્નોત્સવ પ્રસંગે રક્તદાન કેમ્પ યોજાયો હતો. તેમજ આયોજનમાં યોગદાન આપેલા દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ તકે રાજ્ય મંત્રી અને અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરીયા, અમરેલી જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શરદભાઈ લાખાણી, રામભાઈ સાનેપરા, વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ વિજયભાઈ દેસાઈ રજનીભાઈ બુંધેલીયા, ધર્મેશ પટેલ સહિત રાજકીય સામાજિક આગેવાનો ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સંતો-મહંતો ઉપસ્થિત રહ્યા હતા.

ક્રેડ NEWS

તારીખ : 21/05/2026

# આજે આંતરરાષ્ટ્રીય ચા દિવસ..

સંયુક્ત રાષ્ટ્ર અનુસાર, દર વર્ષે 21 મે ના રોજ આંતરરાષ્ટ્રીય ચા દિવસ ઉજવવામાં આવે છે . ચીની વિદ્વાન ચેન એન્ટિયન સૌથી પહેલા પહેલ કરનાર અને પ્રમોટર છે. આ અંગેનો ઠરાવ 21 ડિસેમ્બર, 2019 ના રોજ અપનાવવામાં આવ્યો હતો, અને સંયુક્ત રાષ્ટ્ર ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO) ને આ દિવસની ઉજવણીનું નેતૃત્વ કરવા હાકલ કરવામાં આવી હતી.આંતરરાષ્ટ્રીય ચા દિવસનો ઉદ્દેશ્ય વિશ્વભરમાં ચાના લાંબા ઈતિહાસ અને ઊંડા સાંસ્કૃતિક અને આર્થિક મહત્વ વિશે જાગૃતિ લાવવાનો છે. આ દિવસનો ધ્યેય ચાના ટકાઉ ઉત્પાદન અને વપરાશની તરફેણમાં પ્રવૃત્તિઓ અમલમાં મૂકવા માટે સામૂહિક પગલાંને પ્રોત્સાહન આપવાનો અને પ્રોત્સાહન આપવાનો છે અને ભૂખમરો અને ગરીબી સામે લડવામાં તેના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો છે.ભારત, શ્રીલંકા, નેપાળ, વિયેતનામ, ઈન્ડોનેશિયા , બાંગ્લાદેશ , કેન્યા , માલાવી , મલેશિયા , યુગાન્ડા અને તાંઝાનિયા જેવા ચા ઉત્પાદક દેશોમાં 2005 થી 15 ડિસેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય ચા દિવસ ઉજવવામાં આવે છે . આંતરરાષ્ટ્રીય ચા દિવસનો ઉદ્દેશ્ય સરકારો અને નાગરિકોનું વૈશ્વિક ચા વેપારના



કામદારો અને ઉત્પાદકો પરના પ્રભાવ તરફ વૈશ્વિક ધ્યાન દોરવાનો છે, અને તેને ભાવ સમર્થન અને વાજબી વેપાર માટેની વિનંતીઓ સાથે જોડવામાં આવ્યો છે.ચાનું સેવન વિવિધ માનસિક સ્વાસ્થ્ય લાભો સાથે સંકળાયેલું છે, જેમાં તણાવ ઘટાડો અને જ્ઞાનાત્મક કાર્યમાં સુધારો શામેલ છે. આંતરરાષ્ટ્રીય ચા દિવસ આ ફાયદાઓ પર ભાર મૂકે છે, માનસિક સુખાકારી માટે ચાને કુદરતી સહાય તરીકે પ્રોત્સાહન આપે છે.

K/D NEWS

# CJIના નિવેદન પછી અચાનક ઉભી થઈ 'કોકરોચ જનતા પાર્ટી'




**ઈન્સ્ટા પર 6 દિવસમાં 1.26 કરોડ ફોલોઅર્સ જે ભાજપ કરતાં દોઢ ગણા, કોકરોચ જનતા પાર્ટીના X એકાઉન્ટ પર પ્રતિબંધ**

CJI સુર્યકાંતના કોકરોચવાળા નિવેદનના વિરોધમાં બનેલી કોકરોચ જનતા પાર્ટી (CJP)ના X એકાઉન્ટ પર ગુરુવાર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સ્થાપક અભિજીત દીપકે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ દ્વારા આ પ્રતિબંધની જાણકારી આપી. આ પહેલા X પર 12 વાગ્યા સુધી પાર્ટીના લગભગ 1 લાખ 93 હજાર ફોલોઅર્સ હતા.

## સોશિયલ મીડિયા પર ધૂમ

| ઈન્સ્ટાગ્રામ | X (Twitter) |
|---|---|
| 1.26 કરોડ+ ફોલોઅર્સ | 1.93 લાખ ફોલોઅર્સ (પ્રતિબંધ પહેલા) |

## તુલનામાં આગવું સ્થાન

| ભાજપ | કોંગ્રેસ |
|---|---|
| 87 લાખ ફોલોઅર્સ | 1.33 કરોડ ફોલોઅર્સ |

## પાર્ટીની સભ્યતા માટે 4 લાયકાતો

1. બેરોજગારી
2. આળસુ હોવું એટલે કે પડયા રહો, સૂતા રહો
3. ઓનલાઈન રહેવવાની લત
4. પ્રોફેશનલી ભડાસ કાઢવાની ક્ષમતા

## મેનિફેસ્ટો જાહેર, 5 વચનો

1. જો CJP એટલે કે કોકરોચ જનતા પાર્ટી સરકારમાં આવે તો નિવૃતિ પછી કોઈપણ CJIને રાજ્યસભામાં જવાનો પુરસ્કાર મળશે નહીં.
2. જો કોઈ માન્ય મત કાઢી નાખવામાં આવશે, ભલે તે રાજ્યમાં CJPની સરકાર હોય કે વિપક્ષની, ચૂંટણી પંચને UAPA હેડળ ધરપકડ કરવામાં આવશે કારણ કે કોઈના મતદાનનો અધિકાર છીનવી લેવો એ આતંકવાદથી ઓછું નથી.
3. મહિલાઓ માટે 50% અનામત હશે, 33% નહીં. અને આ માટે સાંસદોની સંખ્યા પણ વધારવામાં આવશે નહીં. કેબિનેટમાં પણ મહિલાઓ માટે 50% અનામત રહો.
4. અંબાણી અને અદાણીના તમામ મીડિયા સંસ્થાનોના લાયસન્સ રદ કરવામાં આવશે, જેથી ખરેખર સ્વતંત્ર મીડિયાને સ્થાન મળી શકે. ગોદી મીડિયા એન્કરોના બેંક ખાતાઓની પણ તપાસ કરવામાં આવશે.
5. જો કોઈ ધારાસભ્ય કે સાંસદ બીજી પાર્ટીમાં પક્ષપલટો કરે તો તેના ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવામાં આવશે, તેને આગામી 20 વર્ષ સુધી કોઈપણ જાહેર પદ પર કોઈ હોદ્દો આપવામાં આવશે નહીં.

**આવાજ છે જનતાનો, બદલાવ હવે પક્કો છે!**
**જય કોકરોચ, જય જનતા!**

K/D NEWS

# PoKમાં આતંકવાદી હમઝા બુરહાનની ગોળી મારીને હત્યા



- પુલવામા હુમલાનો માસ્ટરમાઇન્ડ હતો
- 2019ના પુલવામા આતંકી હુમલાનું કાવતરું ઘડનારાઓમાં સામેલ
- ભારતે 2022માં UAPA તેહળ આતંકવાદી જાહેર કર્યો હતો

## હુમલાની Highlights

- પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં અજાણ્યા હુમલાખોરોએ ગોળીમાં મારી હત્યા
- લાંબા સમયથી પાકિસ્તાન અને PoKમાં સક્રિય હતો હમઝા બુરહાન
- 2019ના પુલવામા હુમલામાં 40 જવાનો શહીદ થયા હતા
- ભારત સરકારે 2022માં UAPA હેઠળ આતંકવાદી જાહેર કર્યો હતો



મૃત્યુ

**આતંકનો માસ્ટરમાઇન્ડ હવે મટી ગયો!**

કે.ડી. NEWS
તારીખ : 21/05/2026

# અમરેલીમાં ચાલી રહેલા વિકાસ કાર્યોની સમીક્ષા કરતા ઉર્જા મંત્રી શ્રી વેકરીયા



અમરેલી ખાતે આકાર પામી રહેલ ઠેબી રિવરફ્રન્ટ તેમજ અમરેલી શહેર મધ્યેથી પસાર થતા LC 19B (બ્રિજ)ના ચાલુ થનાર કામો સંદર્ભે GUDC ના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરી સંબંધિત વિભાગના અધિકારીઓને જરૂરી સૂચનાઓ રાજ્યના ઉર્જા મંત્રી અને અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરીયા એ આપી હતી. અલગ અલગ વિભાગના અધિકારીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, રાજકીય, સામાજિક આગેવાનો આ સમીક્ષા બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.



તારીખ : 21/05/2026

# સુરત શહેર આચાર્ય સંઘની કારોબારી સભામાં અધ્યક્ષશ્રી વિજયકુમાર બારોટનું અભિવાદન




તારીખ 21/5/26 ના રોજ એક્સપેરિમેન્ટલ સ્કૂલ ખાતે સુરત શહેર આચાર્ય સંઘના પ્રમુખશ્રી કિશોરકુમાર નર્મદાશંકર જાનીના અધ્યક્ષ સ્થાને સંઘની કારોબારી સભાનું આયોજન થયું. ખૂબ જ ચોકસાઈ, કર્મનિષ્ઠા અને સર્વ શ્રેષ્ઠ અધ્યક્ષ તરીકેની અનોખી સેવાઓ બજાવીને વયમર્યાદાના કારણે નિવૃત્ત થઈ રહેલા શ્રી વિજયકુમાર બારોટનું સંઘ દ્વારા તેઓની ઉત્તમ કામગીરીની સરાહના કરી ગરિમાપૂર્ણ અભિવાદન કરવામાં આવ્યું. સાથે મીડિયા સેલ કન્વીનર શ્રીમતી દક્ષાબેન ક્રિશ્ચિયનનું પણ સન્માન કર્યું. માધ્યમિક શિક્ષણના વિશાળ હિતમાં પ્રવર્તમાન સર્વે પ્રશ્નોનું નિરાકરણ કરવા ઉપરાંત તારીખ 1/6/2026 થી સંઘના અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળવા માટે શ્રી વિમલકુમાર ચુડાસમાની સર્વ સંમતિથી નિમણૂક કરવામાં આવી. સાથે શ્રી સુરેન્દ્રકુમાર વાડીલેની ઉપપ્રમુખ તરીકે તેમજ મીડિયા સેલ કન્વીનર તરીકે શ્રી કિર્તીભાઈ ગાંધીની વરણી કરવામાં આવી.

સંઘના સર્વે હોદ્દેદારો અને કારોબારી સભ્યોએ મુક્ત મને ચર્ચા વિમર્શ કરીને એજન્ડા મુજબ બધી જ કામગીરી સંપન્ન કરી. નવી નિયુક્તિ પામેલા અધ્યક્ષશ્રી વિમલકુમાર ચુડાસમા, ઉપપ્રમુખશ્રી સુરેન્દ્રકુમાર વાડીલે અને મીડિયા સેલ કન્વીનરશ્રી કિર્તીભાઈ ગાંધીને આચાર્ય સંઘના પ્રમુખશ્રી કિશોરકુમાર જાની, અધ્યક્ષશ્રી વિજયકુમાર બારોટ, મહામંત્રીશ્રી પ્રતાપસિંહ બારસડીયા, ઉપપ્રમુખશ્રી ડૉ. જયેશકુમાર જોશી, શ્રી ડૉ. નિલેશકુમાર જોશી, શ્રીમતી પિન્કીબેન માળી તથા તમામ હોદ્દેદારો અને કારોબારી સભ્યોએ હર્ષભેર આવકારી સૌને અઢળક અભિનંદન સહ ખૂબ ખૂબ હાર્દિક શુભકામનાઓ પાઠવેલ છે.

તારીખ : 21/05/2026

# "પી.એમ પોષણ યોજના" અન્વયે અમરેલી તાલુકાના વિવિધ મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલક-કમ-કુક રસોયા અને મદદનીશની આવશ્યકતા : તા.૨૭ મે સુધીમાં અરજી કરવી

અમરેલી, તા.૨૧ મે, ૨૦૨૬ (ગુરૂવાર) - પી.એમ પોષણ (મધ્યાહન ભોજન) યોજના અન્વયે જિલ્લાના અમરેલી તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓના મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલક-કમ-કુક, રસોયા અને મદદનીશની આવશ્યકતા છે. અમરેલી તાલુકાની નાના ગોખરવાળા પ્રાથમિક શાળા, મોટા માચીયાળા પ્રાથમિક શાળા, મેડી પ્રાથમિક શાળા, માલવણ પ્રાથમિક શાળા, રીકડી પ્રાથમિક શાળા, મેડી પ્રાથમિક શાળા, માલવણ પ્રાથમિક શાળા, રીકડીયા પ્રાથમિક શાળા ખાતે સંચાલક-કમ-કુકની આવશ્યકતા છે.

જ્યારે બહારપરા કુમાર શાળા પ્રાથમિક શાળા, કે.કે પારેખ પ્રાથમિક શાળા ૧-૫ અમરેલી, કે.કે.પારેખ પ્રાથમિક શાળા ૬થી ૮ અમરેલી, કાઠમા પ્રાથમિક શાળા, ચાંદગઢ પ્રાથમિક શાળા, ચક્કરગઢ પ્રાથમિક શાળા, તરવડા પ્રાથમિક શાળા, પાણીયા પ્રાથમિક શાળા, ફતેપુર પ્રાથમિક શાળા, મોટા માંડવડા પ્રાથમિક શાળા, લાપાળીયા પ્રાથમિક શાળા, શેડુભાર – પ્લોટ પ્રાથમિક શાળા, સાંગાડેરી પ્રાથમિક શાળા, નાના ગોખરવાળા પ્રાથમિક શાળા ખાતે રસોયાની આવશ્યકતા છે. જ્યારે ગુરૂકૃપા-૩ પ્રાથમિક શાળા અમરેલી, તરવડા પ્રાથમિક શાળા, દેવભૂમિ દેવળીયા પ્રાથમિક શાળા, મોટા માંડવડા પ્રાથમિક શાળા, લાપાળીયા પ્રાથમિક શાળા, લાલાવદર પ્રાથમિક શાળા, વરસડા પ્રાથમિક શાળા, શેડુભાર પ્લોટ પ્રાથમિક શાળા ખાતે મદદનીશની આવશ્યકતા છે. સંચાલક-કમ-કુક માટે ધો. ૧૦ પાસ શૈક્ષણિક લાયકાત ઓછામાં ઓછી ૨૦ વર્ષ અને ૬૦ વર્ષની વચ્ચેની વય ધરાવતા ઉમેદવારોએ નિયત નમૂનામાં અરજી કરવી.

જરૂરી નમુનાનું અરજી પત્રક મામલતદાર કચેરી, જિલ્લા સેવાસદન, ગ્રાઉન્ડ ફ્લોર, રાજ મહેલ કેમ્પસ, અમરેલીમાંથી મળી શકશે. જરૂરી વિગતો ભરી આધાર પુરાવા સાથોનું અરજીપત્રક તા. ૨૭.૦૫.૨૦૨૬ના રોજ બપોરના ૦૪ વાગ્યા સુધીમાં મામલતદાર, અમરેલી ગ્રામ્યની રજિસ્ટ્રી શાખાને પહોંચાડવાનું રહેશે. તેમ લાઠી મામલતદારશ્રી અમરેલી ગ્રામ્યએ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## એનિવર્સરી કેક - બેબીશાવર કેક
## સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
## મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ



**New collection**

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

**લાઈવ કેક** માટે મુલાકાત લ્યો

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં

**અર્જન્ટ કેક** બનાવી આપવામાં આવશે.

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

તારીખ : 21/05/2026

# ઔદ્યોગિક તાલીમ સંસ્થા અમરેલી ખાતે એલ.આર.ઈ સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ યોજાયો

અમરેલી તા. ૨૧ મે,૨૦૨૬ (ગુરૂવાર) - કવેસ્ટ અલાઈન્સ NGO દ્વારા આઈ.ટી.આઈ.માં તાલીમ લેતા તાલીમાર્થીઓમાં એમ્પ્લોયબિલિટી સ્કિલ તથા સોફ્ટ સ્કિલ અને ઉદ્યોગ સાહસિકતાના ગુણ વિકસે તે માટે લર્નિંગ રેકગ્નાઈઝેશન ઈવેન્ટની ક્વિઝ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં અમરેલી જિલ્લાની તમામ આઈ.ટી.આઈના વિજેતાઓને પુરસ્કૃત કરવા માટે નોડલ આઈ.ટી.આઈ અમરેલી ખાતે તા.૧૯-૦૫-૨૦૨૬ને મંગળવારના રોજ સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત વિજેતા થયેલા ૨૪ તાલીમાર્થીઓને સંસ્થાના પ્રિન્સિપાલ ડો. ટી.એમ.ભટ્ટ તથા આઈ.ટી.આઈ લીલીયાના પ્રિન્સિપાલ કુ.વી.ડી.પરીખ, આઈ.ટી.આઈ.જાફરાબાદના પ્રિન્સિપાલ પરમાર અને ક્વેસ્ટ અલાઈન્સના અધિકારીશ્રીઓએ ઉપસ્થિત રહીને તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા તેમજ ઉજ્જવળ કારકિર્દી વિષયક માહિતી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું, તેમ આઈ.ટી.આઈ અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

કે.ડી. NEWS
તારીખ : 21/05/2026

# પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના ૨૦૨૬ :

# યુવાઓ માટે કારકિર્દી ઘડતરની સોનેરી તક

## પ્રતિષ્ઠિત કંપનીઓમાં ઈન્ટર્નશીપનો લાભ મેળવવા માટે www.pminternship.mca.gov.in પર ઓનલાઈન અરજી – રજિસ્ટ્રેશન કરાવવું અથવા અમરેલી જિલ્લા રોજગાર કચેરીનો સંપર્ક કરવો

અમરેલી તા.૨૧ મે, ૨૦૨૬ (ગુરૂવાર) - દેશની ટોચની પ્રતિષ્ઠિત કંપનીઓમાં કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી ઈન્ટર્નશીપ યોજના અમલી છે. આ યોજના અંતર્ગત ધો.૧૦, ધો.૧૨, આઈ.ટીઆઈ. ડિપ્લોમા તથા ગ્રેજ્યુએટની શૈક્ષણિક લાયકાત ધરાવતા અને ૧૮-૨૫ વર્ષની વય ધરાવતા, ફૂલ ટાઈમ નોકરી કે અભ્યાસ કરતા ના હોય તેવા રોજગાર ઈચ્છુક ઉમેદવારોને દેશની ટોચની કંપનીમાં વિનામૂલ્યે ઈન્ટર્નશીપનો લાભ મળી શકે છે.પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોને ઉદ્યોગ જગત સાથે જોડીને તેમના કૌશલ્યમાં વધારો કરવાનો છે. પસંદગી પામનાર ઉમેદવારોને સ્ટાઈપેન્ડ, જોડાણ ભથ્થુ તથા નિર્ધારિત સમયગાળાની ઈન્ટર્નશિપનો લાભ મળશે. આ યોજનાનો લાભ મેળવવા માંગતા હોય તેવા રોજગારવાંચ્છુ પૂર્ણકાલીન રોજગારથી ન જોડાયેલા ઉમેદવારો એ www. pminternship. mca. gov.in પર ઓન લાઈન અરજી કરી રજિસ્ટ્રેશન કરાવવું.વધુ વિગતો માટે ઉમેદવારો ટોલ ફ્રી નં. ૧૮૦૦૧૧૬૦૯૦ પર સંપર્ક કરી અને માર્ગદર્શન મેળવી શકે છે. વધુ વિગતો માટે અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બહુમાળી ભવન, રાજમહેલ કમ્પાઉન્ડનો રૂબરૂ અથવા ટેલિફોન નંબર (૦૨૭૯૨) ૨૨૩૩૯૪ પર સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા રોજગાર અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 21/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...






નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## મિતેષ ઍસ. ઉનડકટ
## સાવરકુંડલા

HAPPY BIRTHDAY

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યઝ...


# HAPPY BIRTHDAY



## મહેશભાઈ નનુભાઈ ખટાણા

HAPPY BIRTHDAY

તારીખ : 21/05/2026

Join us on :

કે.ડી. ન્યૂઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...

# HAPPY BIRTHDAY



## Divyangsi
## vijaybhai budheliya

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યૂઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...

# HAPPY BIRTHDAY



## Yug bhaveshBhai Solanki

HAPPY BIRTHDAY

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 21/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યૂઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...

# HAPPY BIRTHDAY




**yashvi bhaveshBhai Solanki**

HAPPY BIRTHDAY

# કે.ડી. NEWS ના પ્લેટફોર્મ પર




# જ્યાં રિલ્સ નહીં બ્રાન્ડ બને છે...

## અને આપે છે

## વ્યુઝની ગેરંટી અને સફળતાનો ભરોસો




## આજે જ સંપર્ક કરો

**વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે**

**9724661561**

નો નેગેટીવ ન્યૂઝ
કે.ડી. NEWS
તારીખ : 21/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"નિંદક ધનસુખલાલ બની શકે છે મનસુખલાલ નથી બની શકતો.
એની માનસિકતા માંગીલાલની હોઈ શકે છે, પણ શાંતિલાલની હોઈ નથી શકતી."




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 21/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**


Gurutattva®

**3399**
**21/05/2026**
**Thursday**

## आत्मा

मुक्त मैं हुआ हूँ क्या
यह जांचने का मार्ग है,
आप इसी क्षण मृत्यु
का स्वागत करने को
तैयार है, अगर है,
तो वास्तव मे आपने
"मुक्त" स्थिती पाली है.

बाबास्वामी
२१/५/२०२६



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram : t.me/ShreeShivkrupanandSwami** **Whatsapp : Shivkrupanand Swami**

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 21/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**મોદીજી** ની અપીલ થી પેટ્રોલ બચાવવા સાયકલિંગ શરૂ કર્યું તો સામે મળતા લોકો પૂછવા લાગ્યા બસ ને શેરબજારમાં હલવાયા ને ! હવે "ક્યાં છાપા નાખો છો?"ભાઈ, આ લોકો દેશ સેવા નહીં કરવા દે...!!......

**હવે કેરીની** રાહ નહીં જોતા વરસાદ આવી જશે લઈ આવજો બાકી બારેમાસ રસ તો છે જ.....

**એક પતિને** લગ્ન જીવન વિશે પૂછવામાં આવ્યું તો તેમણે જણાવ્યુંહું લગ્ન પછી એટલો બધો ટેલેન્ટેડ થઈ ગયો છું કે, હવે મને 32 અલગ અલગ ભાષાઓમાં ચૂપ રહેતા આવડે છે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 21/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 21 મે
# મહત્વની ઘટનાઓ

૧૯૨૭ – ચાર્લ્સ લિંડબર્ગએ 'લા બુર્ગેટ ફિલ્ડ',પેરિસમાં ઉતરાણ કર્યું. તેમણે અવિરામ એકલ ઉડાન દ્વારા પ્રથમ વખત એટલાન્ટીક મહાસાગર પાર કર્યો.

૧૯૩૨ – ખરાબ હવામાનને કારણે 'એમિલિયા એરહાર્ટ'ને ઉત્તર આયર્લેન્ડના પાસ્ચરમાં ઉતરાણ કરવું પડ્યું તો પણ તે એકલ અવિરામ ઉડાન દ્વારા એટલાન્ટીક મહાસાગર પાર કરનાર પ્રથમ મહિલા બની.

૧૯૩૭ – આર્કટિક મહાસાગર (Arctic Ocean)ના તરતા બરફ (drift ice) પર, 'સોવિયેત સ્ટેશન'નામનું પ્રથમ વૈજ્ઞાનિક સંશોધન કેન્દ્ર બન્યું.

૧૯૯૧ – ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની મદ્રાસ નજીક 'શ્રી પેરામ્બદુર'માં, મહિલા આત્મઘાતી બોમ્બર મારફત હત્યા કરાઈ.

૧૯૯૮ – 'સુહાર્તો' (Suharto), ઈન્ડોનેશિયાના સરમુખત્યારે ૩૨ વર્ષનાં શાસન બાદ રાજીનામું આપ્યું.૨૦૦૪ – શેરપા પેમ્બા દોરજીએ ૮ કલાક અને ૧૦ મિનિટમાં એવરેસ્ટ સર કર્યો. અને તેમના નજીકનાં હરીફ શેરપા લાક્પા ગેલુનો ગત વર્ષનો કિર્તિમાન વટાવ્યો.

## જન્મ

૧૯૧૫ – ચક્રવર્તી વી. નરસિંહા, ભારતીય નાગરિક સેવા અધિકારી અને યુએનના ભૂતપૂર્વ અંડર સેક્રેટરી જનરલ (અ. ૨૦03)

૧૯૬૦ – મોહનલાલ (Mohanlal), અભિનેતા

૧૯૭૪ – અદિતિ ગોવિત્રીકર, ભારતીય મોડેલ, અભિનેત્રી અને ચિકિત્સક, મિસીસ વર્લ્ડ ૨૦૦૧

## અવસાન

૧૯૯૧ – રાજીવ ગાંધી (Rajiv Gandhi), ભારતના વડાપ્રધાન (જ. ૧૯૪૪)

૨૦૨૧ – સુંદરલાલ બહુગુણા, ભારતીય પર્યાવરણવાદી અને ચિપકો ચળવળના નેતા. (જ. ૧૯૨૭)

## તહેવારો અને ઉજવણીઓ

આંતરરાષ્ટ્રીય ચા દિવસ.

સાંસ્કૃતિક વિવિધતા માટે સંવાદ અને વિકાસ દિવસ

# વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની

## કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 21/05/2026

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




## સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




65K

50K

28K

100K

**સંપર્ક : મો. 94997 97973**